My Campus

મેથ્સ, સાયન્સ અને કમ્પ્યૂટર સાયન્સને રસપ્રદ કેવી રીતે બનાવવું તેના પર

# કેન્દ્રીય વિદ્યાલયના ટીચર્સ માટે IITGnમાં વર્કશોપ યોજાશે



## દેશભરમાંથી ૧૫૦થી વધુ ટીચર્સ આમાં પાર્ટિસિપેટ કરશે

મેથ્સ, સાયન્સ અને કમ્પ્યૂટર સાયન્સ જેવા વિષયોને રસપ્રદ બનાવવા માટે ઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે સમગ્ર ભારતની કેન્દ્રીય વિદ્યાલયોનાં ૧૫૦થી વધુ શિક્ષકોને ટ્રેનિંગ આપવામાં આવશે. આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે આવેલ સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ દ્વારા આ ઈન્શિએટિવ હાથ ધરવામાં આવેલ છે. જેમાં કેન્દ્રીય વિદ્યાલય સંગઠન(KVS)ના શિક્ષકો માટે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તેઓને મેથ્સ, સાયન્સ અને કમ્પ્યૂટર સાયન્સ, જેવા સબ્જેક્ટસ ભણાવવામાં આવશે. ૧૨ દિવસના ટ્રેનિંગ વર્કશોપમાં ધોરણ ૮ અને ૧૦ના ૧૦૦ જેટલા ટ્રેઈન્ડ ગ્રેજ્યુએટ ટીચર્સ મેથ્સ અને સાયન્સની ટ્રેનિંગ આપવામાં આવશે. ત્યાર બાદ ધોરણ ૧૧ અને ૧૨ના સ્ટુડ્ન્ટસ માટે ૫૦થી વધુ પોસ્ટ ગ્રેજ્યુએટ ટિચર્સને કમ્પ્યૂટર સાયન્સની ટ્રેનિંગ આપવામાં આવશે જે તા. ૮થી ૧૨ જૂન સુધી ચાલશે. જ્યારે વર્કશોપનો બીજો રાઉન્ડ તા. ૨૩ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી ચાલશે. આ અંગે વાત કરતાં સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગના હેડ મનીષ જૈને જણાવ્યું હતું કે ટીચર્સ માટે આ વર્કશોપ ગોઠવવા પાછળનો મુખ્ય હેતુ સ્ટુડન્ટ્સ અને ટીચર વચ્ચે ચોક એન્ડ ટોકના રિલેશનને બદલે એક્સ્પીરિયન્સ લર્નિંગનો સેતુ વિકસે, માટે સમગ્ર દેશમાંથી શિક્ષકોને આવકારી ટ્રેનિંગ આપવામાં આવી રહી છે.

**Title:** Workshop for KVS teachers in IITGN
**Source:** Sandesh (City Life; Pg. No. 1)
**Link:** http://sandeshepaper.in/m/105634/5b0f28ba2f73b
**Date:** 31-05-18